Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંકઃએસ./પરિપત્ર/૧૧૬૧૭/૨૦૨૩
તા.૨૪/૦૫/૨૦૨૩

પ્રતિ,
વડાશ્રી,
ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ
ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

**વિષયઃ**– MBA (Full-Time) વિદ્યાર્થીઓના Summer Project મૂલ્યાંકન બાબત.

સુજ્ઞશ્રી,

સવિનય જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર MBA (Full -Time) વિદ્યાર્થીઓના Summer Projectના મૂલ્યાંકન ચર્ચા કરતા મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સંયુકત તા.૧૮/૦૪/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે નીચે મુજબ કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૫/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૬૫ થી મંજૂર કરેલ છે. તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદ્ઉપરાંત તેનો અમલ કરવો.

**મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સંયુકત તા.૧૮/૦૪/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, હાલમાં MBA (Full-Time) વિદ્યાર્થીઓ સેમેસ્ટર–૨ ના અંતે Summer Project માટે વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓમાં ૬ થી ૮ અઠવાડિયા માટે જતા હોય છે આ સમયગાળાના અંતે તેમણે બનાવેલ Project Reportનું મૂલ્યાંકન હાલમાં Satisfactory અથવા Unsatisfactory એમ બે કેટેગરીમાં કરવામાં આવે છે અને આ મૂલ્યાંકનનો ઉલ્લેખ માર્કશીટમાં કરવામાં આવતો નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ Project Report નું મૂલ્યાંકન ૧૦૦ માર્કસના ૪ ક્રેડીટના એક વિષય તરીકે કરવું. તથા આ મૂલ્યાંકન માટે External Examiner ને બોલાવી Internal Examiner સાથે મળીને સંયુકત રીતે મૂલ્યાંકન કરવું એવુ ઠરાવવામાં આવે છે જેમાં ૭૦ Marks Report ના અને ૩૦ માર્કસ વાયવાના રહેશે. વિદ્યાર્થીઓએ મેળવેલ માર્કસ સેમેસ્ટર–૩ ની માર્કશીટમાં એક વિષય તરીકે આમેજ કરવાના રહેશે. જેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૫/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૬૫**

:: આથી ઠરાવવામાં આવે છે કે, મેનેજમેન્ટ વિદ્યાશાખા અને બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સંયુકત તા.૧૮/૦૪/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૪ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

કુલસચિવ

પ્રતિ,

૧) અધ્યક્ષશ્રી, મેનેજમેન્ટ વિદ્યાશાખા
૨) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૩) અનુસ્નાતક વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ અમલ સારૂ.